# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 21-01-2026 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## ગાંધીનગર – રાજ્યમંત્રી મંડળની બેઠક

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં રાજ્યના આગામી અંદાજપત્રને આખરી ઓપ આપવા, અંદાજપત્ર સત્ર દરમિયાન રજૂ થનારા ખરડા, આગામી પ્રજાસત્તાક દિવસના રાજ્યકક્ષાના કાર્યક્રમો તેમજ રાજ્ય સરકારના આગામી કાર્યક્રમ અને નીતિગત વિષય પર ચર્ચા કરવામાં આવી. ઉપરાંત બેઠકમાં અંદાજપત્ર સત્રની તૈયારીઓ અને રવિ મોસમમાં કૃષિ પાકની વાવણી, સિંચાઈના પાણી સહિતની બાબતોની સમીક્ષા કરવામાં આવી.

---------------------------------------------------------------------------------------

## PM – કિસાન યોજના

પ્રધાનમંત્રી કિસાન યોજનાના લાભાર્થી ખેડૂતોએ 22-મો હપ્તો મેળવવા માટે ફાર્મર નોંધણી કરાવવી જરૂરી છે. રાજ્યના બાકી હોય તેવા ખેડૂતોને નોંધણી કરાવવા ખેતી નિયામકની કચેરી દ્વારા અનુરોધ કરાયો છે. આ નોંધણી થકી તમામ ખેડૂતને આધાર ઓળખપત્ર - I.D. ની જેમ 11 અંકનો યુનિક ફાર્મર I.D. અપાય છે.

ખેડૂતો ફાર્મર રજિસ્ટ્રેશન જેતે ગામના ગામડાના કમ્પ્યુટર ઉદ્યોગસાહસિક – VCE કે ગ્રામ્ય સ્તરના ઉદ્યોગસાહસિક – VLE સંચાલક અથવા જનસેવા કેન્દ્ર મારફતે કરાવી શકાય છે. ઉપરાંત ખેડૂતો જાતે મોબાઈલ મારફતે GJFR.AGRISTACK.GOV.IN લિન્ક દ્વારા નોંધણી કરી શકે છે.

---------------------------------------------------------------------------------------

## સરહદ ડેરી

કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ એટલે કે સરહદ ડેરીનું કચ્છના સહકારી ક્ષેત્રમાં સકારાત્મક પરિવર્તન લાવવામાં મહત્વનુ યોગદાન રહ્યું છે. કચ્છની સૌથી મોટી સહકારી સંસ્થા સરહદ ડેરી જિલ્લાના પશુપાલકો માટે આજીવિકાનો મહત્વપૂર્ણ સ્ત્રોત બની છે.

[કચ્છમાં વર્ષ 2001માં આવેલા ભૂકંપ બાદ જિલ્લાના સહકારી ક્ષેત્રમાં સકારાત્મક પરિવર્તન લાવવામાં સરહદ ડેરીની નોંધપાત્ર ભૂમિકા રહી છે. ડેરી, 900થી વધુ સહકારી મંડળીઓ મારફતે દરરોજ આશરે 80 હજાર દૂધ ઉત્પાદકો પાસેથી 5 લાખ 50 હજાર લિટર જેટલું દૂધ એકત્ર કરે છે. અને પશુપાલકોને દરરોજ અંદાજે 3 કરોડ રૂપિયાની ચુકવણી કરાય છે. સરહદ ડેરી હરિયાણા, તેલંગાણા અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં અમૂલના ડેરી પ્લાન્ટને ભેંસનું શુદ્ધ દૂધ આપવામાં પણ અગ્રેસર છે.

સરહદ ડેરી ખાતે ભારતનો પ્રથમ ઊંટડીના દૂધના પ્રસંસ્કરણ - કેમલ મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટ પણ કાર્યરત છે. આંતરરાષ્ટ્રીય ડેરી મહામંડળ- IDF દ્વારા કેરળના કોચીમાં વિશ્વમાં પહેલીવાર યોજાયેલી પ્રાદેશિક ડેરી પરિષદ-2024માં સરહદ ડેરીની નોંધ લેવાઇ હતી. ઉપરાંત, વર્ષ 2025માં દુબઈમાં યોજાયેલા વિશ્વના સૌથી મોટા ફૂડ શો 'ગલ્ફ ફૂડ એક્સ્પો'માં પણ ઊંટડીના દૂધના ઉત્પાદનોએ આકર્ષણ જમાવ્યું હતું.

---

## પૂર્વ કચ્છ પોલીસ દળ – બાઇક ફ્લેગ ઓફ કાર્યક્રમ

ગાંધીધામ ખાતે આજે બપોરે પોલીસ અધિક્ષકની કચેરી મધ્યે ગુજરાત સરકાર દ્વારા પૂર્વ કચ્છ પોલીસ દળને ફાળવવામાં આવેલી ૧૭ નવી બાઈકનું સત્તાવાર રીતે ફ્લેગ ઓફ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે પોલીસ અધિક્ષકે બાઈકને લીલી ઝંડી આપી ફ્લેગ ઓફ કરી હતી. નવી બાઈક મળવાથી પૂર્વ કચ્છ પોલીસની પેટ્રોલિંગ વ્યવસ્થા વધુ મજબૂત બનશે તેમજ કાયદો-વ્યવસ્થા જાળવવા, ગુનાખોરી પર નિયંત્રણ લાવવા અને તાત્કાલિક પ્રતિસાદ આપવામાં વધુ કાર્યક્ષમતા આવશે.

---

## નાઇટ શેલ્ટર હોમ – ગાંધીધામ મનપા

કડકડતી ઠંડી અને ખુલ્લા આકાશ નીચે રાત વિતાવતા નિરાશ્રિતો માટે ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા માનવીય અભિગમ અપનાવવામાં આવ્યો છે. કમિશનર મનીષ ગુરવાણીના માર્ગદર્શન હેઠળ પાલિકા કચેરી સામેના મેદાનમાં અત્યાધુનિક સુવિધાઓ ધરાવતા 'નાઈટ શેલ્ટર હોમ' આશ્રય સ્થાનનો પ્રારંભ કરાયો છે.

આ શેલ્ટર હોમમાં મહિલાઓ અને પુરુષો માટે રહેવાની અલગ-અલગ વ્યવસ્થા, આરામદાયક બેડ, પંખા, લાઈટ, પીવાનું શુદ્ધ પાણી અને ટોયલેટ-બાથરૂમની વ્યવસ્થા, આશ્રિતોને બે ટાઈમ ભોજન, બેડશીટ, તકિયા અને ધાબળા (બ્લેન્કેટ) અપાશે.

ઉપરાંત સમયાંતરે મેડિકલ કેમ્પ પણ યોજાશે, આ પ્રોજેક્ટના સુવ્યવસ્થિત સંચાલન માટે આદિપુરની જાણીતી સંસ્થા 'સેવા સર્વોપરી ટ્રસ્ટ' સાથે જોડાણ કરવામાં આવ્યું છે.

---

## વેલ્ફેર એક્સપ્રેસ ફેરી – વાગડ વેલ્ફેર હોસ્પિટલ ભચાઉ

ભચાઉની વાગડ સર્વોદય ટ્રસ્ટ સંચાલિત વાગડ વેલ્ફેર સોસાયટી હોસ્પિટલ દ્વારા દર્દીઓની સુવિધા માટે પર્યાવરણ સંરક્ષણના ઉદ્દેશ્ય સાથે વેલ્ફેર એક્સપ્રેસ નામની નિ:શુલ્ક ફેરી સેવા શરૂ કરવામાં આવી છે.

સેવાની વિશેષતા એ છે કે, તે પર્યાવરણ મિત્ર ઇલેકટ્રીક રીક્ષા દ્વારા સંચાલિત છે જેના કારણે ઇંધણની બચત થશે. પ્રદૂષણમાં ઘટાડો થશે અને  હરીત તથા સ્વચ્છ પર્યાવરણને પ્રોત્સાહન મળશે.

---

## કોટેશ્વર : મરીન કમાન્ડો પેટ્રોલિંગ

દરિયાઇ વિસ્તારમાં સુરક્ષા અને તકેદારી માટે કોટેશ્વર મરીન સેક્ટર લિડરની કચેરી દ્વારા પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. ડીવાયએસપી બી.કે. ઝાલા, પીએસઆઇ આર.ડી.ઝાલા તેમજ મરીન કમાન્ડો દ્વારા બુધુ બંદરથી લાલછાતા કેમ્પ સુધી 5 કિ.મી. વિસ્તારમાં ફૂડ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. જેમાં શંકાસ્પદ ઇસમો, વાહનો, બોટો તેમજ અવાવરૂ જગ્યા ચકાસવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------

<u>હવામાન</u>

કચ્છમાં આજે પણ ઠંડીનો પ્રભાવ યથાવત રહ્યો હતો. સમગ્ર રાજ્યમાં મોખરે રહેતું નલિયામાં આજે 10.4 ડિગ્રી લઘુત્તમ તામાન નોંધાયું તો જિલ્લા મથક ભુજમાં 15 અને કંડલામાં 15.5 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. જિલ્લાભરમાં દિવસ દરમિયાન સૂર્ય પ્રકાશના કારણે વાતાવરણ હુંફાળું રહેતા લોકોએ ઠંડીથી આંશિક રાહત મેળવી હતી.

---------------------------------------------------------------------------------------